# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૪/૦૮/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- હિન્દુસ્થાનને સશક્ત બનાવવાનો સંકલ્પ કરવા શહેરીજનોને આહ્‌વાન કરતા માન. કેન્દ્રિય મંત્રીશ્રી સ્મૃતિબેન ઈરાની
- દેશ સરકારોથી નહિ પરંતુ જનતા જનાર્દન થી ચાલે છે
- "સંકલ્પ સે સિધ્ધી", "ત્રિરંગા યાત્રા", "સફાઈ અભિયાન", સહિતના કાર્યક્રમોમાં કેન્દ્રિય મંત્રીશ્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીની ઝલક મેળવવા લોકોમાં અનેરો ઉત્સાહ
- ભારત માતા કી જય, વંદે માતરમ્‌ના નારાઓ સાથે નીકળેલી ભવ્ય "ત્રિરંગા યાત્રા"ના પગલે સમગ્ર વાતાવરણ દેશ ભક્તિમય બન્યું.
- માન. કેન્દ્રિય મંત્રીશ્રી સ્મૃતિબેન ઈરાનીએ કવિ વીર નર્મદ, સ્વામી વિવેકાનંદજી, મહાત્મા ગાંધીજી તથા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલ હાર કરી વંદન કર્યા

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા આયોજીત ''સંકલ્પ સે સિધ્ધી'', ''ત્રિરંગા યાત્રા'', દલિત પરિવાર સાથે ભોજન, વિવિધ સામાજીક સંગઠનો સાથેની બેઠક સહિતના વિવિધ કાર્યક્રમોમાં ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીએ હિન્દુસ્થાનને સશક્ત બનાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન ''સંકલ્પ સે સિધ્ધી'' સાચા અર્થમાં કઈ રીતે સાર્થક કરી શકાય તે બાબતે માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીએ માર્ગદર્શન આપ્યું હતું.

નાનપુરા સ્થિત ગાંધી સ્મૃતિભવન ખાતે યોજાયેલ ''સંકલ્પ સે સિધ્ધી''માં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કોલેજના વિદ્યાર્થીઓને સંબોધન કરતા માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીએ સૌ પ્રથમ કવિ વીર નર્મદની જન્મજયંતિ નિમિત્તે કવિ નર્મદને યાદ કર્યા હતા. તેમજ કવીટ ઈન્ડિયા મૂવમેન્ટના ૭૫ વર્ષ નિમિત્તે આઝાદીની લડાઈમાં શહિદ થનાર દેશના વીર સપૂતોને યાદ કર્યા હતા અને જો નવા ભારતનું નિર્માણ કરવું હોય તો હિન્દુસ્થાનના ઈતિહાસને દરેક વિદ્યાર્થીએ જાણવો પડશે, આત્મસાત્ કરવો પડશે. એમ જણાવી તેમણે કવિ વીર નર્મદ તથા કવીટ ઈન્ડિયા મૂવમેન્ટના ઈતિહાસ સહિત હિન્દુસ્થાનના ઈતિહાસને જાણવાની વિદ્યાર્થીઓને અપીલ કરી હતી.

વધુમાં તેમણે વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું કે આ દેશ સરકારો થી નહી પરંતુ જનતા જર્નાદન થી ચાલે છે. જો આપણે દેશને સશક્ત બનાવવો હશે તો દરેક નાગરિકની ભૂમિકા ખૂબ અગત્યની છે. એમ જણાવી તેમણે દેશના તમામ નાગરિકોને હિન્દુસ્થાનને સશક્ત બનાવવા માટેના શપથ લેવા માટે અપીલ કરી હતી. તેમજ સભાખંડમાં ઉપસ્થિત ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને હિન્દુસ્થાનને સશક્ત બનાવવા માટેના સંકલ્પ લેવડાવ્યા હતા. ત્યારે આખો હોલ ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારાથી ગુંજી ઉઠયું હતું.

"સંકલ્પ સે સિધ્ધી" કાર્યક્રમ બાદ મક્કાઈ પુલ સર્કલ થી સુરત રેલ્વે સ્ટેશન સુધીની "ત્રિરંગા યાત્રા"માં જોડાતા પૂર્વે માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીએ કવિ વીર નર્મદ તથા સ્વામી વિવેકાનંદ તથા ગાંધીજીની પ્રતિમાને ફુલ હાર કરી વંદન કર્યા હતા. "ત્રિરંગા યાત્રા"માં ખુલ્લી જીપમાં બેસવાને બદલે માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની જાતે જ સ્કુટર હંકારીને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો. મક્કાઈ પુલ થી ચોકબજાર, ભાગળ, રાજમાર્ગ થઈ સુરત રેલ્વે સ્ટેશન સુધીના "ત્રિરંગા યાત્રા"ના માર્ગમાં સૌ કોઈ માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીની એક ઝલક મેળવવા માટે પડાપડી કરતા જોવા મળ્યા હતા. માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની દ્વારા સુરત રેલ્વે સ્ટેશન ખાતે સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કર્યા હતા.

કતારગામ ખાતે દલિત પરીવારને ત્યાં ભોજન લીધા બાદ માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની વોર્ડ નં. ૧૭ (કુંભાલ–પરવટ)ના મામાનગર ખાતે "સફાઈ અભિયાન"માં જોડાયા હતા.

ત્યારબાદ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે આયોજીત વિવિધ સામાજીક સંસ્થાઓ સાથેની બેઠકમાં માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીએ સામાજીક અગ્રણીઓને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા ભારતના નિર્માણ વિશે વિગતવાર જણાવ્યું હતું. તેમજ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન "સશક્ત ભારત"નું નિર્માણ કઈ રીતે કરી શકાય અને તેમાં દરેક નાગરિકની શું ભૂમિકા હોઈ શકે તે બાબતે જણાવ્યું હતું અને ઉપસ્થિત તમામ સામાજીક અગ્રણીઓને હિન્દુસ્થાનને સશ્ક્ત બનાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.

આજના તમામ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, ભાજપ–સુરત મહાનગર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ અને શ્રી સી.આર. પાટીલ, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સુરત શહેરના હોદેદારશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં યુવા અને મહિલા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.